# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર..૭૮..

## તારીખ.૧૩–૦૬–૨૦૧૭

ભુર્ગભ ગટરની કામગીરીથી નુકશાન પામેલ રસ્તાઓના રોડ રી–સરફેસીગના કામ બાબતે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૯ તારીખ. ૧૯–૦૪–૨૯૧૭ થી મંજુર કરેલ કુલ ૪૯ કામોને જીલ્લા શહેરી વિકાસ એજન્સી, આણંદ તરફથી ભુર્ગભ ગટરની કામગીરીથી નુકશાન પામેલ રસ્તાઓના રોડ રી–સરફેસીગની વહીવટી મંજુરી ડુડાના પત્રને ભુર્ગભ ગટર યોજના / રોડ રી–સરફેસીગ / ખંભાત / ૨૦૧૭ / ૨૭૩ / તારીખ. ૧૬–૦૫–૨૦૧૭ થી મળેલ. આ બાબતે મંજુર થયેલ કામોના જુદા જુદા પેકેજ બનાવી "સંદેશ" તથા "નયા પડકાર" દૈનીક પેપરમાં તારીખ.૨૪–૦૫–૨૦૧૭ના રોજ જાહેરાત પ્રસિધ્ધ કરી એન.કોડ સોલ્યુશન મારફતે ઈ.ટેન્ડર ધ્વારા ભાવ પત્રકો માંગવામાં આવેલ આ અંગે તારીખ. ૦૩–૦૬–૨૦૧૭ સુધીમાં ઓન લાઈન ટેન્ડર સબમીટ કરવાના હતાં તથા તારીખ. ૦૬–૦૬–૨૦૧૭ સુધીમાં આ અંગેની ટેન્ડર ફી, ડીપોઝીટ તથા અન્ય પેપર્સ સબમીટ કરવાના હતા આ બાબતે નિયત સમય મર્યાદામાં આવેલ ફીઝીકલ ડોકયુમેન્ટ તથા તે અંગે તારીખ. ૦૭–૦૬–૨૦૧૭ ના રોજ ટેન્ડરો અંગે નગરપાલિકામાં મીટીગ રાખેલ જેમાં હાજર રહેલ કોન્ટ્રાકટરોને ફીઝીકલ સબમીશન ઉપરાંત કેટલીક શરતો જે નીચે જણાવેલ છે તેની સમજ આપેલ અને તેને ફીઝીકલ ડોકયુમેન્ટનો પાર્ટ ગણવાનો રહેશે અને તે મુજબ જેને મંજુર હોય તેના તારીખ.૦૮–૦૬–૨૦૧૭ના બપોરના ૧૨–૦૦ કલાક સુધીમાં નીચેની શરતો સંમત હોવા અંગેનું સંમતી પત્ર માંગેલ.

(૧) ટેન્ડરની સમય મર્યાદામાં કામ પુર્ણ કરવાનું રહેશે. સરકારશ્રીમાંથી ગ્રાન્ટ આવે તે મુજબ જ ચુકવણું કરવાનું રહેશે. ગ્રાન્ટના અભાવે કામ બંધ રાખવાનું નથી

(૨) સીકયોરીટી ડીપોઝીટ ૫% ટકા તથા પરફોમન્સ બોન્ડ ૫% ટકાની રકમ એક સાથે વર્ક ઓર્ડર ખતે જમા કરાવવાની રહેશે.

(૩) કામ સમય મર્યાદામાં પુર્ણ કરવાનું રહેશે અન્યથા ટેન્ડર મુજબ ટાઈમ લીમીટીમાં કામ પુર્ણ ન થાય તો લીકવીટી ડેમેજની પેનલ્ટી કોન્ટ્રાકટરના બીલમાંથી કાપવાની રહેશે.

(૪) સરકારશ્રીમાંથી ગ્રાન્ટની રકમ આવવામાં અંદાજે ૬ માસ કે તે તેથી વધુ સમય પણ લાગી શકે તેમ છે તેમજ ગ્રાન્ટ તબકકા વાર આવશે જેથી બીલોનું ચુકવણું ગ્રાન્ટ આવ્યા બાદ જ થઈ શકશે.

(૫) કામ સમય મર્યાદામાં એટલે કે ચાર માસમાં પુર્ણ કરવાનું રહેશે જેમાં ચોમાસાના સમય બાદ થશે નહી.

(૬) ખંભાત નગરપાલિકામાં ચાલતા કામ જો સમય મર્યાદામાં પુર્ણ કર્યા હોય અને ત્રણ વર્ષની ડીફેકટ લાયાબીલીટીમાં ખરાબ કામના કારણે નોટીસ આપ્યા છતાં કામ ન કરતાં હોય તેવા કોન્ટ્રાકટરના ટેન્ડર માન્ય રાખવામાં નહી આવે.

(૭) ઉપરોકત જણાવેલ શરતો કોન્ટ્રાકટર દ્વારા બધા જ ટેન્ડરો માટે લાગુ પડશે કોઈ એક ટેન્ડર માટે લાગુ પડશે નહીં.

(૮) ઉપરોકત શરતો જે કોન્ટ્રાકટરને મંજુર હશે તેનું જ ટેન્ડર ખોલવામાં આવશે.

આમ, ઉપરોકત જણાવેલ શરતોમાં હાજર રહેલ કોન્ટ્રાકટરશ્રીની સંમતી માંગેલ જેમાં સંમતી આપેલ તે કોન્ટ્રાકટરોની નગરપાલિકાના કન્સલટન્ટશ્રીએ કવોલીફાય થતાં કોન્ટ્રાકટરોનો અભિપ્રાય આપેલ જે આ નીચે મુજબ છે.

(૧) સી.વી.મીસ્ત્રી, ખંભાત (૨) પંકજ જે. પટેલ નડીયાદ (૩) ગીરીશ જે. પટેલ વી.વી.નગર (૪) દેવાંગી કન્સ્ટ્રકશન વડોદરા (૫) હિતેશ જે મીસ્ત્રી તલોદ (૬) હાથીભાઈ એમ. પટેલ, ખંભાત (૭) મહેશ કન્સ્ટ્રકશન, વાપી, તેઓના આવેલ ભાવ પત્રકો પૈકી ઉપર જણાવેલ કવોલીફાય થતાં કોન્ટ્રાકટરોના ભાવ પત્રકો તારીખ. ૦૮–૦૬–૨૦૧૭ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે ફીઝીકલ સબમીશન કવર ઓપન કરવામાં આવેલ આ બાબતે ભાવોનું જુદા જુદા પેકેજના તુલનાત્મક પત્રક મુજબ નીચેના વિગતે ભાવો આવેલ છે મંજુર કરવા પાત્ર થાય છે.

| પેકેજ | સૌથી ઓછા આવેલ કોન્ટ્રાકટર | અંદાજીત રકમ | કામ આવેલ ભાવ |
|---|---|---|---|
| ૧. આસ્ફાલ્ટ રોડ | હાથીભાઈ એમ. પટેલ | રૂા.૨,૧૪,૩૪,૫૩૨/- | ૦.૫૪% (ટકા) ઓછા |
| ૨. આસ્ફાલ્ટ રોડ | હાથીભાઈ એમ. પટેલ | રૂા.૨,૧૮,૬૮,૭૫૪/- | ૦.૯૦% (ટકા) ઓછા |
| ૧. સી.સી.રોડ | મહેશ કન્સ્ટ્રકશન કંપની | રૂા.૮૦,૭૮,૧૮૧/- | ૧૨.૨૨% (ટકા) ઓછા |
| ૨. સી.સી.રોડ | ચીમનલાલ વી. મીસ્ત્રી | રૂા.૮૨,૨૮,૫૬૧/- | ૧૨.૩૨% (ટકા) ઓછા |
| ૩. સી.સી.રોડ | મહેશ કન્સ્ટ્રકશન કંપની | રૂા.૮૨,૧૯,૨૮૮/- | ૧૨.૨૨% (ટકા) ઓછા |
| ૪. સી.સી.રોડ | મહેશ કન્સ્ટ્રકશન કંપની | રૂા.૭૮,૭૬,૯૩૯/- | ૧૨.૨૨% (ટકા) ઓછા |

આમ ઉપરોકત આવેલ ભાવપત્રકો સૌથી ઓછા હોઈ તથા ટેન્ડરની શરતો તથા અન્ય શરતો ઉપર જણાવેલ છે તેમાં કોન્ટ્રાકટરશ્રીઓ સંમત હોઈ સૌથી ઓછા આવેલ કોન્ટ્રાકટરશ્રીના ભાવો મંજુર કરવામાં આવે છે તથા આ બાબતે થનાર ખર્ચ ભુગર્ભ ગટરની કામગીરીથી નુકશાન પામેલ રસ્તાઓના રોડ રી-સરફેસીગની કામગીરીથી મંજુર થયેલ ગ્રાન્ટ હેઠળ કરવા મંજુર તથા સરકારશ્રીની અન્ય ગ્રાન્ટ હેઠળ મંજુરી મળેથી તે હેઠળ પણ આ કામો કરવા મંજુર. આ બાબતે આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે. આ બાબતે ટેન્ડર મંજુર થયા સિવાયની બાકીની એજન્સીનું ટેન્ડરની અર્નેસ્ટ મની ની રકમ પરત આપવા મંજુર.

સહી.યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન,
એકઝીકયુટીવ કમીટી,
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી.વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી.સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી.ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી.અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી.નગીનભાઈ રતીલાલ મહીડા
સહી.પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ